dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

August 2011 | For private circulation only | Vol. 03 - Issue 63

उत्तिष्ठ जाग्रत प्राप्य वरान्निबोध: એવા વિવેકાનંદ પ્રબોધ્યા ઉપનિષદસૂત્રને જીવનમાં સાદ્યંત આચરી બતાવનાર નર્મદે જે કોઈ કામ હાથમાં લીધું, તેને વળગી રહી, એ પૂર્ણ ન થાય ત્યાં લગી મંડયા રહેવાનું આત્મબળ કેળવ્યું હતું. પોતાના રકતમાં કલમ ઝબોળીને પ્રબળ યુયુત્સાભાવથી સમર્થ યોદ્ધાને છાજે એવી શૈલીમાં એણે લખ્યું છે, વીરત્વ નર્મદના સમસ્ત જીવનમાં, એના રકતના કણ કણમાં વ્યાપી વળેલું હતું. સર્જન એના માટે શસ્ત્ર હતું-સુધારાનું અને પરિવર્તનનું. 'Pen is mighter than sword'નું સૂત્ર એના સદર્ભે તંતોતંત સાચું ઠર્યું છે. પદ્ય, ગદ્ય કે પત્રકારત્વ-તમામ ક્ષેત્રે નર્મદનો શબ્દ ચિરંજીવ Pioneer, કહો કે મિસાઈલ જેવો કાર્યસાધક રહયો.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

નર્મદ. વીર નર્મદ. જાણીતા વિવેચક નવલરામ જેને 'સમયમૂર્તિ' તરીકે ગણાવે છે તે નર્મદ, જડતા, કૂપમંડૂકતા, સંકુચિતતા, અંધશ્રદ્ધાના જમાનામાં જન્મ્યો - ઉછર્યો ને છતાં એ જમાનાની પ્રજામાં નવાં જોમ, ઉત્સાહ ને તેજ ભર્યા. મંથનયુગમાં એણે મૂલ્યપરિવર્તનનો ઝંડો લહેરાવ્યો. નર્મદ એક ચમત્કાર હતો એમ કહેવામાં કશી અતિશયોકિત નથી. એણે લખ્યું :

"સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
યાહોમ કરીને પડો ફતેહ છે આગે."

આ વિચારમાત્રની અસર એટલી તો તીવ્ર થઈ કે જે સ્થગિત હતું તે ગતિશીલ બન્યું. શિથિલ હતું તેને જબરો ધકકો વાગ્યો. નવયુગના આ અરુણનો ઝળહળતો પ્રકાશ ચોમેર પ્રકાશ્યો. જે પોતાની જાતને પહેલાં ઓળખી લે છે તે જગતને બરાબર ઓળખી શકે છે. નર્મદે જાતને ઓળખી લીધી હતી. સાવ જ નિઃસ્પૃહી એવા નર્મદમાં ઉદ્દામ વીરત્વ હતું. વિચાર કાર્યમાં આત્મશ્રધ્ધા, શૌર્ય, સ્વમાન અને ત્યાગ ભાવનાનો સમન્વય નર્મદમાં થયો હતો.

સમાજ સુધારો, દેશભકિત અને સાહિત્ય સેવા-ને જીવનકર્તવ્ય માની તે જીવનપર્યંત તેમ કરે છે. કેટકેટલા ક્ષેત્રોમાં એણે પહેલ કરી. પ્રતિભા ન હોય તેવી વ્યકિતથી એ થઈ ન શકે. નર્મદ સમાજ પ્રત્યે પ્રતિબધ્ધ હતો. સમાજના ઉત્કર્ષ માટે સ્ત્રી ઉત્કર્ષને તે જરૂરી ગણે છે. સ્ત્રીને વિધવા રાખવાને બદલે તેનું પુનર્લગ્ન કરાવવું તેવો તેનો મત હતો. સ્ત્રીઓને ભણાવવાનો તે આગ્રહી હતો. 'સ્ત્રીકેળવણી' નિબંધમાં તે લખે છે : "ભણેલી મા પોતાનાં છોકરાંને માયાળુપણાંથી ભલમનસાઈના ને પરોપકાર બુદ્ધિના વિચારો સમજાવશે, નિયમસર કામ કરવાની ટેવ પાડશે અને તે શું સમજવાનાં છે એમ જાણી તેઓનાં કૂમળાં મન પર જૂઠાણાંની ને ફૂવડતાની ભૂડી છાપ પડે તેવું કંઈ બોલવા કરવાનું રાખશે નહીં. ટુંકામાં ભણેલી મા પોતાનાં બાળકની કેળવણી વિષે ધ્યાન આપશે એટલું જ નહીં પણ તેની સાથે પોતાનાં ઘરકામની ઘણી સારી રીતે સંભાળ લેશે. ઘર ચલાવવું ને રાજય ચલાવવું એ બે બરોબર છે. ઘરમાં શું છે, શું લાવવાનું છે, ઘરમાં આવેલી વસ્તુ કયાં ગોઠવવી છે ને કેમ વાપરવી છે તે સઘળા ઉપર તેની હંમેશ નજર રહેશે. તે પોતાનાં ઘરમાં સંઘે સફાઈને યુકિતથી ગોઠવણ કરશે અથવા ચાકર હશે તો તેની પાસે તજવીજથી કરાવશે. તે ઘરખરચનો હિસાબ ચોખ્ખો રાખી ઘટતો ખરચ કરશે. તે ઘરકામથી પરવારશે તો પોતાનો અભ્યાસ જારી રાખશે અથવા ધણીનાં કામમાં સહાયતા આપશે."

'કેળવણી વિષે'માં તેઓ લખે છે :

"તન-ધનબળ, મનબળ વિના, અસ્થિર મિથ્યા હોય;
તન-મન-ધનબળ સ્થિર સફળ, વિદ્યાભ્યાસે સ્હોય."

દોહરામાં કેળવણી વિષયક પોતાના મનના વિચારો સરસ રીતે રજૂ થયા છે. આગળ તે લખે છે :

"આ જગતમાં માણસ જન્મથી તે મરણ લગી સુખની તૃષ્ણા રાખે છે ને એને માટે તે મથે છે. પણ એ મથવું અને તેમાં પાર પડવું એ તેના વિદ્યાભ્યાસ ઉપર આધાર રાખે છે... વિદ્યાભ્યાસ સદ્‌ઉદ્દેશની સાથે મળ્યો તો પછી ખરાં સુખને વિષે પૂછવું જ શું ?" કેળવણી માટે ખંત અને શ્રમને તે આવશ્યક ગણે છે.

આપણી યુનિવર્સિટી સાથે આવા નર્મદનું નામ જોડાયું છે તે કેટલું બધું ઉચિત છે. નર્મદ જયંતી ટાણે આપણે તેનું સ્મરણ કરીએ, વંદન કરીએ પણ મારે મન આટલું જ પૂરતું નથી. નર્મદના વિચારો આ પ્રદેશમાં પ્રચાર-પ્રસાર પામે એ જરૂરી છે. પણ મારે મન આટલું જ જરૂરી નથી આપણે આપણાં જીવનમાં એ સ્વીકારીએ -ઉતારીએ એ વધુ જરૂરી છે.

૧૫ ઓગષ્ટ, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સ્વાતંત્ર્ય પર્વ



(કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, વિભાગીય અધ્યક્ષશ્રીઓ, સત્તામંડળના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કરીને પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું.)

## ઉમાશંકર પર્વ


















ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંયુકત ઉપક્રમે કવિ મનીષી ઉમાશંકર જોષી જન્મ શતાબ્દી નિમિત્તે યુનિવર્સિટીના કન્વેનશન હોલમાં તા. ૯-૧૦ ઓગષ્ટ, ૨૦૧૧ દરમ્યાન કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, સત્તામંડળના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં ઉમાશંકર પર્વ યોજાઇ ગયું.


આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્મા, મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી-અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, મુખ્ય મહેમાન તરીકે સમર્થ નાટયકાર જયોતિ વૈદ્ય અને પર્વાધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર ઉપસ્થિત રહયા હતા.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ પર્વનું ઉદ્‌ઘાટન પ્રવચન આપ્યું હતું. પ્રથમ દિવસે વિશ્વ માનવી ઉમાશંકર જોષી ઉમાશંકર જોષી કૃત એકાંકી 'દુર્ગા' અને 'ગૃહશાંતિ'નું મંચન કરવામાં આવ્યું હતું, જેમાં કલારસિકો ઉપરાંત કવિ ઉમાશંકરને જાણવા અને સમજવા માટે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે જયોતિ વૈદ્યે જણાવ્યું હતું કે, ઉમાશંકર ઉત્તમ નાટયકાર હોવા છતાં કવિ તરીકેની પ્રતિભામાં ઉમાશંકર દબાઈ ગયા હતા. વાસ્તવમાં આ ઉમાશંકર પર્વ નહીં બલ્કે ઉમાશંકર યુગ ગણાવો જોઈએ. કારણ કે સમગ્ર સાહિત્ય જગતે તેમના પ્રદાનથી પ્રેરણા લીધી.













## ઊજવણી

- યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા ગુજરાતી અનુસ્નાતક કેન્દ્રના સંયુકત ઉપક્રમે ઉમાશંકર જોશીના જન્મ શતાબ્દી પૂર્ણાહુતિ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉમાશંકર જોશીને સ્મરણાંજલિ અર્પતા તુલનાત્મક સાહિત્ય વિભાગના વડા ડૉ. દમયંતીબેન પરમારે ઉમાશંકર જોશીના વિવિધ પાસાંઓ પર વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીની વિવિધ છબીઓનું ચિત્રાંકન કર્યું હતું. કવિમનિષી ઉમાશંકર જોશીના જીવન અને સાહિત્ય પર પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં. ઉમાશંકર જોશીની વાર્તાઓ અને એકાંકીના અંશો તથા કવિતાઓનું પઠન અને આસ્વાદન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. કલાવતી ચૌધરીએ કર્યું હતું.
- યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા ગુજરાતી, હિન્દી અનુસ્તાક કેન્દ્રના સંયુકત ઉપક્રમે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂપૂર્ણિમા નિમિત્તે 'ગુરૂપૂજન-આજના સંદર્ભમાં' વિષય પર ડૉ. વિપિન કિકાણીએ વક્તવ્ય આપ્યું હતું. તેમજ તુલનાત્મક સાહિત્ય વિભાગના વડા ડૉ. દમયંતીબેન પરમારે 'ગુરૂ થા તારો તું જ' વિધાન સમજાવીને ગુરૂમાત્ર પરાદર્શક છે રસ્તો સ્વયં કરવાનો છે, શોધવાનો છે. પ્રાચીન આશ્રમપ્રણાલીનો ખ્યાલ આપીને અર્વાચીન સંદર્ભમાં આવા ગુરૂ પ્રાપ્ત થાય, એ પુરુષાર્થ તો સ્વયં જ કરવો પડે. અધ્યયન, અધ્યાપન ઉપરાંત ઉત્તમ શિક્ષણ જીવનપથ બની રહે અને એવા ગુરૂનું પૂજન કરવાનો આજનો અવસર છે. ગુરૂમહિમા અને માહાત્મ્યનું પ્રાચીન દર્શન પણ વકતાઓએ કરાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. કલાવતી ચૌધરીએ કર્યું હતું.

## CSIR-UGC-NET

Council of Scientific and Industrial Research, New Delhi National Eligibility Test (NET), Joint CSIR-UGC Test for Junior Research Fellowship and Eligibility for Lecturership-18th December, 2011 ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાના વિષયોમાં Chemical Sciences, Earth Sciences, Life Sciences, Mathematical Sciences, Physical Sciencesનો સમાવેશ થાય છે. આવેદનપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ ૬-૯-૨૦૧૧ નિયત કરવામાં આવેલ છે. આવેદનપત્ર ઓનલાઈન દ્વારા પણ ભરી શકાય છે. વધુ વિગત માટે Employment News (13-19 August 2011) જોવું તથા ewww.csirhrdg.res.in પર સંપર્ક કરવો.

(તંત્રી)

# કૉલેજ ન્યૂઝ

## Project Work

નવયુગ સાયન્સ કોલેજ, સુરત M.Sc. Chem Sem-II ના વિદ્યાર્થી શ્રી મિતેશ છત્રોલા, સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ભાવનગર ખાતે Summer Project Work માટે ગુજરાતભરમાં એકમાત્ર પસંદગી પામ્યા હતા. તેમણે આ project work પ્રો. ડૉ. પરિમલ પાલના માર્ગદર્શન હેઠળ 'Synthesis and characterization of calicarene based sensors and for ion-recognition study' વિષય પર પૂર્ણ કરી કોલેજને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન.

## સ્પર્ધા

અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં તા. ૧૬-૦૭-૨૦૧૧ના રોજ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્ડમેકિંગ, સલાડ, મહેંદી અને વેસ્ટમાંથી બેસ્ટ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના સંસ્થાપક પૂજય ગુરૂજી નારાયણસ્વરૂપ દાસજી, પૂજય ગુરૂજી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરીયા, આચાર્યશ્રી દિવ્યેશભાઈ, અધ્યાપકો અને તાલીમાર્થીઓએ સમૂહપ્રાર્થના સાથે દીપ પ્રાગટયથી કરી હતી. પૂજય ગુરૂજી નારાયણસ્વરૂપ દાસજી અને પૂજય ગુરૂજી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ આર્શિવચન આપ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલયનાં આચાર્યા શ્રીમતી સુરતીયા ઈલાબેન, પારૂલબેન અને હેતલબેને ભજવી હતી. સ્પર્ધામાં કાર્ડમેકિંગમાં પ્રથમ-શેખ ફરહાના, દ્વિતીય-શેખ શહેલીના પરવીન, તથા મન્સુરી આશીયાબાનું, તૃતીય-રેવણે નમ્રતા, તથા વસાવા કલ્પના, સલાડ સ્પર્ધામાં પ્રથમ-માહ્યાવંશી નિકીતા, દ્વિતીય-પડેલ સીમા, તૃતીય-માલાણી પાયલ, માહ્યાવંશી બિન્દ્રા તથા વસાવા કલ્પના, ફ્રુટ સલાડ સ્પર્ધામાં પ્રથમ-બારૈયા સરોજ, દ્વિતીય-શેખ ફરઝાના, તૃતીય-પટેલ સોયેબ, મહેંદી સ્પર્ધામાં પ્રથમ-મન્સુરી આશીયાબાનુ દ્વિતીય-શેખ ફરહાના, તથા શેખ સમીરા, તૃતીય-પ્રજાપતિ શીતલ, તથા કાજી ઈફસાનાબાનું અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં વાજા અનીશાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૨-૭-૨૦૧૧ના રોજ, આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં યોજાઈ ગઈ. જેમાં વિવિધ કોલેજમાંથી લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સ્પર્ધાના નિર્ણાયકો સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ તથા ડી.આર.બી. ભરથાણા કોલેજના પ્રા. શ્રીમતી મયુરી કે. દેસાઈએ સેવા આપી હતી.

પરિણામ : (૧) ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. શેખ રૂકસાના એમ. (વી.આર. ભકત કોલેજ, કામરેજ), દ્વિતીય-કુ. મહેતા ભૂમિકા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-કુ. ચૌહાણ સોનમ (નવયુગ કોમર્સ કોલેજ, સુરત) અને કુ. પટેલ તુલસી (એસ.વી.પટેલ, બી.સી.એ. કોલેજ, સુરત), આશ્વાસન-કુ. મિસ્ત્રી અંજુ (વાડીયા વિમેન્સ આર્ટસ કોલેજ, સુરત), કુ. રાજપોપટ ધારા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, સુરત.) (૨) અરેબીક મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. વીંજુડા જિજ્ઞાસા (અખંડ આનંદ કોલેજ, સુરત), દ્વિતીય-કુ. શેખ આશિયા (સર. કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-કુ. ધોળકીયા પરીતા (આર.વી. પટેલ કોમર્સ કોલેજ, અમરોલી), આશ્વાસન-કુ. કોઠારી કોમલ (વનિતા વિશ્રામ કોમર્સ કોલેજ, સુરત) (૩) જવેલરી મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. દેગડાવાલા કાજલ (વી.એલ. શાહ કોમર્સ કોલેજ, અમરોલી), દ્વિતીય-કુ. કાછડીયા શ્રધ્ધા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-કુ. ઈટાલીયા કિંજલ (રામકૃષ્ણ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, સુરત)

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિજેતાઓ : (૧) ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. મહેતા ભૂમિકા (ટી.વાય.બી.કોમ.), દ્વિતીય-કુ. કવિતા પટેલ (ટી.વાય.બી.કોમ.), કી. બોનિષા પીપવાલા (એમ.કોમ.-૧), તૃતીય-કુ. સુરેખા નાયકા (ટી.વાય.બી.કોમ.), કુ. દક્ષા ચોટલીયા (ટી.વાય.બી.કોમ.), આશ્વાસન-કુ. ધારા સોની, (ટી.વાય.બી.કોમ.), કુ. શ્રધ્ધા પટેલ (એસ.વાય.બી.કોમ.) (૨) અરેબીક મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. આશિયા શેખ, એમ.કોમ. સેમિસ્ટાર-૨, દ્વિતીય-કુ. મનિષા રાણા (ટી.વાય.બી.કોમ.), તૃતીય-કુ. પૂજા મોદી (એફ.વાય.બી.કોમ.) (૩) જવેલરી મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. શ્રધ્ધા કાછડીયા (ટી.વાય.બી.કોમ.), દ્વિતીય-કુ. નિશા મિસ્ત્રી (ટી.વાય.બી.કોમ.), તૃતીય-કુ. દયા ચોવડીયા (ટી.વાય.બી.કોમ.), આશ્વાસન ઈનામ-કુ. અંકિતા દાળવાલા (ટી.વાય.બી.કોમ.).

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, વેસુમાં વર્ષાગીત અને પોસ્ટર સ્પર્ધા યોજાઈ જેમાં તાલીમાર્થીઓએ વર્ષાઋતુ આધારિત ગીતો અને ચિત્રો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન દેસાઈ સુનિલ અને પટેલ ભાવનાએ કર્યું હતુ. આ સ્પર્ધાનું આયોજન પ્રા. અમરભાઈ પટેલ અને પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરીએ કર્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે પ્રા. ભાવિનાબેન દેસાઈ, પ્રા. કલ્પનાબેન પટેલ અને પ્રા. અમૃતભાઈ વળવીએ સેવા આપી હતી. જેમાં પ્રથમ-સારંગ ટવીંકલ અને ગામીત અનિષ, બીજો-સોલંકી મેઘના અને ત્રીજો-પટેલ રોશનીનો આવ્યો હતો. ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણે પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકોએ પણ વર્ષાગીતો રજૂ કર્યા હતા. આભારવિધિ મૌર્ય માનસીએ કરી હતી.

શ્રીમતી જી.એન પડંયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે દેશભકિત ગીતની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ દેશદાઝથી ભરપૂર એવા દેશભકિતગીતો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ-ગાંધી કૃતિ રમેશભાઈ, દ્વિતીય-પટેલ શિલ્પા કૌશિકભાઈ, તૃતીય-હળપતિ શીતલ મગનભાઈ રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વૃંદાબેન સુરતી તથા પ્રા. ભાવેશભાઈ ઠાકર રહયા હતા અને કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની મોદી તોરલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



સ્વર્ણિમ ગુજરાત, રંગ કલા કૌશલ્ય ધારા અંતર્ગત તારીખ ૧૦-૦૮-૧૧ ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન એચ.આર.શાહ મહિલા આર્ટસ કોમર્સ કોલેજ, નવસારીમાં અરેબીક મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ-પંચાલ ક્રિષ્ના બી. (એસ.વાય.બી.કોમ.), દ્વિતીય-રાઠોડ મેઘના એ. (એફ.વાય.બી.એ.) અને ત્રીજા-હળપતિ ભારતી એમ. (એસ.વાય.બી.એ.) વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે પ્રા. પ્રજ્ઞા વી. પરમાર તથા કામિનીબેન એ. પટેલે સેવા આપી હતી.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે ગૌરીવ્રત નિમિત્તે તા. ૧૬-૭-૧૧ના રોજ મહેંદી, કેશગુંફન અને મેકઅપ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩ વિદ્યાર્થીભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ-મેમણ રેશમા, દ્વિતિય-વસાવા અમિતા, તૃતીય-ભટ્ટ હિતેશા તેમજ કેશગુંફનમાં પ્રથમ-ગાંધી નિકેતા, દ્વિતિય-પટેલ કદિર, મેકઅપ સ્પર્ધામાં પ્રથમ-શાહ શ્રેયાબેન, દ્વિતિય-ગાંધી તેજસ્વીની જાહેર થયા હતા. અધ્યાપકોએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

શ્રીમતી જી.એન. પડંયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં અલૂણાવ્રત નિમિત્તે કેશગૂંફન અને બુકે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ તાલીમાર્થી બહેનો-ભાઈઓ ભાગ લઈ કેશગુંફન તથા બુકેની સજાવટમાં કલાત્મક પ્રતિભ દર્શાવી હતી. જેમાં કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ - ગોહિલ ભાવના એસ. દ્વિતીય - પટેલ


સરસા એમ. રહયા તથા પટેલ કૌશિક પી. એ. આશ્વાસન ઈનામ મેળવ્યું. બુકે સ્પર્ધામાં પ્રથમ - મોરકર બિનલ આર. તથા દ્વિતીય - પટેલ મિનલ કે. રહયા હતા. તદ્દપરાંત મહેંદી સ્પર્ધામાં પ્રથમ - ધારા આર. દેસાઈ, દ્વિતીય - પ્રિયા એચ. મેરી અને તૃતીય - મયૂરી સી. દોડીયા અને શિલ્પા કે. પટેલ વિજેતા રહયાં હતા.



૧લી જુલાઈ ૨૦૧૧ ના રોજ 'ડોકટર્સ ડે' નિમિત્તે સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા 'Unknown Medical Facts' પર સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કોલેજના લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ-કિંજલ માણિયા, દ્વિતિય-પ્રિતિ ત્રિપાઠી, તૃતિય-શ્રેયા દેસાઈ, પ્રથમ ક્રમ મેળવનારને રૂા. ૨૫૦/-, દ્વિતીય ક્રમને રૂા. ૨૦૦/- અને તૃતીય ક્રમને રૂા. ૧૫૦/- નું રોકડ ઈનામ સંસ્થાના સેક્રેટરી શ્રી નિખિલભાઈ શાહ તેમજ પ્રોફેસર ડૉ. પ્રમોદભાઈ પટેલ તેમજ ડૉ. (મિસ) વણકરના હસ્તે આપવામાં આવ્યું હતું. એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. મહેન્દ્રભાઈ કે. બુરડે નિર્ણાયક તરીકે સેવા આપી હતી જેમનું મિમેન્ટોથી સન્માન ડૉ. કાલરા દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન ડૉ. (મિસ) વણકર દ્વારા પ્રિન્સીપાલ ડૉ. (શ્રીમતિ) જયોતિ રાવનાં માર્ગદર્શ હેઠળ કરવામાં આવ્યું હતું.

તા. ૨૫-૦૬-૨૦૧૧ના રોજ હોમિયોપેથીક મેડિકલ એસોશિએશન ગુજરાત ટેસ્ટ દ્વારા પ્રેરિત તેમજ સુરત યુનિટ દ્વારા આયોજીત પ્રવેશ વેસ્ટ ઝોન સાયન્ટિફીક સેમિનાર તેમજ ડાન્સ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના ઉદ્દઘાટન વિધિ બાદ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમની અંતર્ગત યોજાયેલ ડાન્સ કોમ્પિટીશનમાં ગુજરાતની અનેક હોમિયોપેથીક કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારાની વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરાયેલ 'મિક્ષ ડાન્સ'એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રૂા. ૫૦૦૦/-નો રોકડ પુરસ્કાર તેમજ મિમેન્ટો મેળવ્યા હતા. કોલેજનું ગૌરવ વધારવા બદલ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જયોતિ રાવ દ્વારા તેમજ સ્ટાફ દ્વારા આ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવામાં આવ્યા હતા.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં "વર્ષાગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ-ગાંધી કૃતિ આર., દ્વિતીય-પાટીલ સોનલ એન. અને તૃતીય-પટેલ શિલ્પા કે. વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. જાગૃતિબેન પટેલ તથા પ્રા. વિશ્વાબેન દેસાઈ રહયા હતા.



વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિનું મહત્વ સમજાવીને તાલીમાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તે અંગેનું માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. જેમાં પ્રથમ-મોણપરા હેતલ, દ્વિતીય-ભેંજાલિયા રક્ષા અને તૃતીય-પંચાલ જયોતિ વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલ નાયકે અને પ્રા. તેજલ રાણાએ ભજવી હતી.

## વિદ્યાર્થી મંડળ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧-૧૨ માટે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના કરવામાં આવી હતી. દર વર્ષની જેમ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળના સભ્યોની 'સિલેકશન પધ્ધતિ' દ્વારા વરણી કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય મંત્રી તરીકે ધંધૂકીયા રાજેશભાઈ, સામાયિક સમિતિ-ચૌધરી પ્રતિકભાઈ, જીમખાના સમિતિ-પટેલ દિપેનભાઈ, વદ્દસભા સમિતિ-સાંગોરે પ્રિતીબેન, પ્રવાસ સમિતિ-ઓઝા અભિષેકભાઈ, નાણાં સમિતિ-પરમાર પ્રિયંકાબેન, પ્લાનિંગ ફોરમ સમિતિ-પટેલ રીપલબેનની વરણી કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્.માં વિદ્યાર્થીમંડળની રચના કરવામાં આવી. સામાન્ય મંત્રી : રાઠવા મુકેશ, માર્ગદર્શન સમિતિ મંત્રી : ગઢવી ગીતા, આયોજન સમિતિ મંત્રી : વશી ઋિષભ, શિસ્ત સમિતિ મંત્રી : પટેલ દર્શનાબેન, પરીક્ષા સમિતિ મંત્રી : ત્રિવેદી જનક, જિમખાના સમિતિ મંત્રી : પટેલ ચેતન, સ્ટેજ સમિતિ મંત્રી : મિસ્ત્રી અમિષા, પ્રવાસ સમિતિ મંત્રી : પટેલ નીતિન, પ્લેસમેન્ટ સમિતિ મંત્રી : સોલંકી પૂનમ, પ્રાર્થના સમિતિ મંત્રી : પરડવા મિત્તલ, નાણાં સમિતિ તંત્રી : પટેલ નીતિન, સાંસ્કૃતિક સમિતિ મંત્રી : પટેલ જીગીષા આર., સાહિત્યિક સમિતિ મંત્રી : પટેલ વેદેહી, બુલેટિન સમિતિ મંત્રી : પટેલ જીગીષા પી., લાયબ્રેરી સમિતિ મંત્રી : મહેતા નીનલની વરણી થઈ.

અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં વિદ્યાર્થી મંડળની રચના કરવામાં આવી જેમાં પ્રવાસ સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, આયોજન સમિતિ, શિસ્ત સમિતિ, રમત-ગમત સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી જયારે બાકીની બુલેટીન બોર્ડ, નાણા સમિતિ, પ્રાર્થના સમિતિ, મેગેઝિન સમિતિ, વાદ-વિવાદ સમિતિનાં તમામ મંત્રીઓની બિનહરીફ વરણી થઈ હતી. સામાન્ય મંત્રી તરીકે-તાલીમાર્થી પરમાર ધર્મેશકુમાર હરિલાલની પસંદગી કરવામાં આવી હતી. પ્રવાસ મંત્રી તરીકે-સોયેબ યાકુબ અહમદ, સાંસ્કૃતિક સમિતિના મંત્રી-ચૌધરી અંજનાબેન રસિકભાઈ, અહેવાલ સમિતિના મંત્રી-માલાણી પાયલ વિનુભાઈ, આયોજન સમિતિના મંત્રી-પરમાર ધર્મેશકુમાર હરિલાલ, શિસ્ત સમિતિના મંત્રી-પરમાર કમલેશ નટવરભાઈ, રમત-ગમત સમિતિના મંત્રી-પટેલ કોમલ ગિરીશભાઈ, નાણા સમિતિના મંત્રી-પટેલ નિરાલી ધનસુખભાઈ, પ્રાર્થના સમિતિના મંત્રી-પટેલ અંકિતા નટવરભાઈ, મેગેઝિન સમિતિના મંત્રી-શેખ શેહલીના પરવીન સઈદ, વાદ-વિવાદ સમિતિના મંત્રી-પટેલ કોમલ અશોકભાઈની વરણી કરવામાં આવી હતી.

## ગ્રંથદાન

શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ અને શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી શાહ કોમર્સ કોલેજ, વ્યારાના વિદ્યાર્થીઓએ કોલેજની વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં ૪૬,૧૧૮=૦૦ રૂપિયાનાં રોકડ ઈનામો મેળવ્યા હતાં. આ રકમમાંથી વિદ્યાર્થીઓએ વિવિધ વિષયના ૩૫૪ પુસ્તકો ખરીદીને કોલેજ ગ્રંથાલયને અર્પણ કર્યાં હતા.

વિદ્યાર્થીઓની આ ભૂમિકા અન્ય કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શક નીવડશે. અભિનંદન.

## શોધપત્ર

નવયુગ કોમર્સ કોલેજ, સુરતના પ્રા. ડૉ. કુમુદીની ઠાકોરએ રીસોર્સ પર્સન અને કી-નોટ સ્પીકર તરીકે તા. ૧૬-૭-૨૦૧૧ના રોજ કુટ્રાલય - તામીલનાડુ ખાતે મળેલ નેશનલ લેવલ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. જેમાં "Role of ICT in Banking Industry" પેપર રજુ કર્યું હતું.

## CBCS

શ્રીમતી ઝેડ.એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, સુરતમાં તેના બી.બી.એ. અને બી.સી.એ.ના અભ્યાસક્રમ સાથે સંકળાયેલ સૌ પ્રાધ્યાપકો અને વહીવટી સ્ટાફને બીબીએ અને બીસીએમાં ચાલુ શૈક્ષણિક વર્ષના પ્રથમ સેમેસ્ટરથી દાખલ કરેલ નવી મૂલ્યાંકન ચોઈસ બેઈઝડ ક્રેડીટ સીસ્ટમ પદ્ધતિની વિસ્તૃત જાણકારી મળે તે માટે એક દિવસનો તાલીમ કાર્યક્રમ કોલેજમાં તા. ૧૭-૦૭-૨૦૧૧ના રોજ રાખવામાં આવ્યો હતો. જેમાં તજજ્ઞો તરીકે યુનિ.ના કોમ્પ્યુટર વિભાગના પ્રોફેસર અને હેડ તથા સિન્ડિકેટ સભ્ય ડૉ. અપૂર્વ દેસાઈએ બીસીએ અભ્યાસક્રમ સંબંધિત, ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજના આચાર્ય અને ઝોનલ કોઓર્ડિનેટર ડૉ. અશોક દેસાઈ એ હાલની પરીક્ષાની આંતરિક અને બાહય મૂલ્યાંકન પદ્ધતિને નવી ક્રેડિટ પોઈન્ટ, ગ્રેડસિસ્ટમ, ગ્રેડલેટર, ગ્રેડપોઈન્ટ, નોરમલાઈઝેશન, દરેક પેપરને કેવી રીતે ક્રેડિટ આપવી વગેરેની ઉદાહરણ સહિત વિસ્તૃત જાણકારી આપી પ્રશ્નોની છણાવટ કરી હતી. યુનિ.ના એમબીએના ડૉ. વિનોદ પટેલે બીબીએ અભ્યાસક્રમ સંબંધિત માહિતી આપી હતી. પ્રસ્તુત તાલીમ દરમ્યાન કોલેજના નિયામક ડૉ. દિલીપ સી. શાહ અને પ્રાધ્યાપકોએ પ્રશ્નોતરીમાં ભાગ લઈ મોટાભાગના મુદ્દાઓ અંગે જાણકારી મેળવી હતી. નિષ્ણાંતોનું પુષ્પગુચ્છથી સ્વાગત કોલેજના પ્રા. જીજ્ઞા સોલંકી, પ્રા. ઈશા અગ્રવાલ, પ્રા. જૈમિન શાહે કર્યું હતું. આભાર વિધિ પ્રા. સ્મૃતિ વકીલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. હેતવી પટેલે કર્યું હતું.

## વાર્તાલાપ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૨૭-૦૬-૨૦૧૧ના રોજ વર્ષ ૨૦૧૧-૧૨માં મને ગમતું પુસ્તક વાર્તાલાપ સંપન્ન થયો હતો. આ વાર્તાલાપમાં તાલીમાર્થી વસાવા શિરીષભાઈએ 'વીર સાવરકર' વિશે તથા તાલીમાર્થી સાંગોરે પ્રિતીબેને સંજીવ શાહ લિખીત જવાબ માંગે છે જિંદગી.... વિશે વાર્તાલાપ કર્યો હતો. ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે પુસ્તક વાંચનનું મહત્વ સમજાવ્યું હતું.

## પ્રદર્શન



જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન.પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં "શૈક્ષણિક ઉપકરણો"નું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમા ગણિત, વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ર એમ વિવિધ વિષયો આધારિત રસપ્રદ, જ્ઞાનવર્ધક શૈક્ષણિક ઉપકરણો તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રી, પ્રાધ્યાપકો અને તાલીમાર્થીઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો.

## શિબિર

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં યોગ શિક્ષક શ્રી અરૂણભાઈ દેસાઈએ યોગનું જીવનમાં મહત્વ સમજાવી વિવિધ આસનો કરાવ્યા હતા. આભારવિધિ પ્રા. કનુભાવ સ્વાગીઆએ તથા સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યું હતું.

## વ્યાખ્યાન

અ શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, ભરથાણા, વેસુ, સુરતમાં તા. ૩૦-૭-૧૧ ના રોજ વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતનાં આચાર્યશ્રી વિનોદભાઈ જી. પટેલે 'વ્યવહારવાદ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. સૌ પ્રથમ આવકાર પ્રવચન અને પુષ્પ ગુચ્છથી સ્વાગત કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી નયનાબેન ચૌહાણે કર્યું હતું. વકતાશ્રીનો પરિચય પ્રા. પાયલબેન પટેલે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી સુનિલભાઈ દેસાઈએ કર્યું હતું. તથા આભારવિધિ મૌર્ય માનસીએ અને કાર્યક્રમનું આયોજન પ્રા. કેતકીબેન પંડયા તથા પાયલબેન પટેલે કર્યું હતું.

બ વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાના ગુજરાતી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી એક કાર્યક્રમનુ આયોજન તા. ૮-૭-૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશની ચંબલની ખીણના નામચીન ડાકુ પંચમસિંહ અને હાલના રાજયોગી પંચમસિંહના જીવન ઝરમરની ઝાંખી મેળવવા કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમના અદ્‌ભુત જીવનની દાસ્તાન તેમના સ્વમુખે સાંભળીને વિદ્યાર્થીઓ પ્રેરણા પ્રાપ્ત કરે અને જીવનને સાચી દિશા તરફ વાળી શકે તે માટેનું આયોજન હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી વિભાગના પ્રો. મીનાક્ષીબેને રાજયોગી પંચમસિંહભાઈનો પરિચય કરાવ્યો હતો. આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશીએ પુષ્પ અને શબ્દો દ્વારા તેમનું અભિવાદન કર્યું હતું. ઉપાચાર્ય ડૉ. આશાબેને રાજયોગી બળવંતભાઈનું પુષ્પ આપી સ્વાગત કર્યું હતું. રાજયોગી પંચમસિંહે પોતાના ડાકુ જીવન અને રાજયોગી જીવનના અનુભવો સંભળાવતા કહયું હતું કે હું ગોળીઓથી બચ્યો અને આજે આપની સામે આવ્યો છું તેમાં કુદરતનો કંઈક શુભ સંકેત માનું છું. સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. ગુજરાતી વિભાગના પ્રો. નારણભાઈ અમીને આભારવિધિ કરી હતી.

## ઊજવણી

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. તથા બી.કોમ. કોલેજ, ભેસ્તાનમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી. જેમાં ધ્વજવંદન કાર્યક્રમમાં સંસ્થાના આધસંસ્થાપક શ્રી એન.એસ. પંડયા તથા પ્રમુખશ્રી હેમંતભાઈ પંડયા ઉપસ્થિત રહયા હતા. આ ઉપક્રમે બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા દેશભકિતગીત, વકતવ્ય, સમૂહગીત જેવી રજૂઆતો દ્વારા દેશપ્રેમ તથા દેશદાઝનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગાંધી કૃતિબેન અને ભટનાગર કાનનબેન દ્વારા અને આભારવિધિ પ્રા. સંજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## આરોગ્ય

જે.ઝેડ. શાહ આર્ટસ અન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ., બી.બી.એ., બી.એ., બી.કોમ., બી.સી.એ., સ્વનિર્ભર અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત. અમરોલી મેડીકલ સર્કલ, અમરોલીના સહયોગથી પ્રિ. ડૉ. કે.એન. ચાવડાનાં નેતૃત્વ હેઠળ તા. ૧૮-૦૭-૧૧ના રોજ અમરોલી કોલેજ ખાતે પ્રથમ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડા અને લાયન નિતિનભાઈ દેસાઈ, પ્રમુખશ્રી લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ, વરદ્ હસ્તે દિપ પ્રાગટય દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને મહેમાનોનો પરિચય આપી પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રકુમાર સોલંકી ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રા. એન.બી. બારિયા, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. વી.એમ. ચૌધરી અને પ્રા. ડૉ. આર.સી. ગાંધીએ કર્યું હતું. આ શિબિરમાં ૬૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું, સુરત રકતદાન કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ. પંચાલ અને તેમની ટીમે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. રકતદાતાઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન, સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

શ્રી ગોપાળભાઈ હરીભાઈ ભકત મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના સૌજન્યથી સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા સંચાલિત કાળીદાસ હોમિયોપેથીક હોસ્પિટલ, વ્યારા સંચાલિત વિના મૂલ્યે હોમિયોપેથીક દવાખાનાનો મંગળ પ્રારંભ તા. ૧૧-૦૭-૨૦૧૧ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર મહુવા ખાતે કરવામાં આવ્યો છે. જેનું ઉદ્ઘાટન ટ્રસ્ટના પ્રમુખ મુ. ભકિતભાઈ ભકત તથા માજી સાંસદ અને ગુજરાત રાજય સુગર ફેડરેશનના પ્રમુખ શ્રી માનસીંગભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. ટ્રસ્ટી શ્રી નલીનભાઈ વ્યાસ તથા શ્રી વિરલભાઈ પુરોહિત હાજર રહયા હતા. આ દવાખાનું દર શુકવારે બપોરે ૧.૩૦ થી ૪.૩૦ સુધી ચાલશે. આ દવાખાનામાં હોમિયોપેથીના નિષ્ણાંત ડૉ. ભાવિન મોદી સેવા આપશે. રેફરલ હોસ્પિટલ મહુવાનાં ડૉ. મહેશભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા સુંદર સહકાર મળ્યો. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. જયોતિ રાવ તથા કાળીદાસ હોમિયોપેથીક હોસ્પિટલના ડેપ્યુટી મેડીકલ સુપ્રિટેન્ડેટ ડૉ. મીનાબેન કાલરા તથા શ્રી શૈલેષભાઈ દેસાઈ હાજર રહયા હતા.


## પ્રવેશોત્સવ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ બીલીમોરા વિભાગ કેળવણી મંડળ કેમ્પસ ડાયરેકટરશ્રી ડૉ. પિછોલીયાના પ્રમુખપદે અને બીલીમોરા વિભાગના કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી હૃદયનાથ સુખસ્વરૂપભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ મહેમાનોનો પરિચય આપી સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ઉદ્બોધનમાં ડૉ. ભારતીબેન જીવનના દરેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે અભ્યાસની સાથે અન્ય કૌશલ્ય મેળવવા માટે અને તે કોલેજમાં ઉભી કરવામાં આવતી તકોનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કોલેજના સ્ટુડન્ટ્સ કાઉન્સીલના ઉપપ્રમુખ પ્રા. જે.જી. ભાવસારે વિદ્યાર્થીઓને શૈક્ષણિક તેમજ ઈતરપ્રવૃત્તિમાં ભાગ લઈ વ્યકિતત્વ વિકાસ કરવા જણાવ્યું હતું. વર્ષ દરમ્યાન શૈક્ષણિક પ્રવૃત્તિ, ઈતર પ્રવૃત્તિ, સપ્તધારા, એન.એસ.એસ., સ્ટુડન્ટ્સ કાઉન્સીલની પ્રવૃત્તિઓની રૂપરેખા દોરી હતી, તેમજ ચાલુ વર્ષથી દાખલ થયેલ સેમેસ્ટર પધ્ધતિ અને CBCSની પધ્ધતિ વિશે પણ સમજ આપી હતી. શ્રી હૃદયનાથ પટેલે તેમનાં વકતવ્યમાં નિયમિતતા અને શિસ્તપાલન પર ભાર મૂકયો હતા અને ડૉ. પિછોલીયાએ સૈધ્ધાંતિક જ્ઞાન સાથે વ્યવહારું જ્ઞાન મેળવવાની જરૂરિયાત સમજાવી હતી. પ્રા. એસ.એન. પટેલે આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એન.બી.સોલંકીએ કર્યું હતું.

## ઈનામ વિતરણ

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૦૧-૦૮-૧૧ના રોજ ટોપ-ટેન વિદ્યાથીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના પ્રમુખપદે જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી, કાંતિલાલ જે. શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી, ડાહયાકાકા, ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ અતિથિ વિશેષ તરીકે પ્રિ. જે.એમ. નાયક, નવયુગ કોમર્સ કોલેજ, સુરત. પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈ, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત તથા અમરોલી કોલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી, જે.બી. શાહ તથા કેમ્પસ ડાયરેકટરશ્રી અમરોલી સ્વર્નિભર કોલેજ તેમજ મુખ્ય મહેમાનશ્રી તરીકે શ્રી કમલેશભાઈ પટેલ મુખ્યદાતાશ્રી, સી.બી. પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. અતિથિવિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે ધોરણ બાર પાસ કરી અમરોલી કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ તેમજ એફ.વાય./એસ.વાય./ટી.વાય.બી.એ., એમ.એ., તથા એફ.વાય., એસ.વાય., ટી.વાય., બી.કોમ, એમ.કોમ, ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના શૈક્ષણિક ક્ષેત્રે ટોપ ટેન વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટીફિકેટ અનાયત કરી કુલ ૪૧૪ તેજસ્વી તારલાઓનું મેડલ, પુસ્તક અને સર્ટીફિકેટથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. મહેમાનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટય કરી પ્રા. સોનલબેન વૈદ્ય, પ્રા. ડૉ. ઋજુતા સી. ગાંધીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાએ મહેમાનોને આવકારી પુષ્પગુચ્છ વડે સન્માન કર્યું હતું. ઈનામ વિતરણનું સંચાલન પ્રા. ડૉ. આર.એન.સરદી તથા પ્રા. કે.એસ. સુતરીયાએ કર્યું હતું. ઉદ્ઘોષક તરીકે પ્રા. ડૉ. બી.એન. ધીમર તથા પ્રા. બી.વી. ઘીવાલાએ સેવા આપી હતી, પ્રા. એચ.બી. પટેલે આભારવિધિ કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા. એસ.કે. એન્થેની, પ્રા. ડૉ. સેજલબેન એ. દેસાઈ, પ્રા. આર.આર. અગ્રવાલ, પ્રા. એ.આર. નગરશેઠે કરી હતી. આ ઈનામ વિતરણ કાર્યક્રમ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક તેમજ વહીવટી સહાયક પરિવાર દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રકાશન




**પ્રત્યૂષ**- નવયુગ કોમર્સ કોલેજ, સુરતનો પ્રત્યૂષ (૨૦૧૦-૧૧) (સંપાદક : પ્રા. મીસીસ ખુરશીદ એન. થાનકી અને પ્રા. શ્રી એમ.પી. માજીવાલા) વાર્ષિક અંક પ્રગટ થયેલ છે. આ અંકમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની કૃતિઓ પ્રગટ થયેલ છે.

## વૃક્ષારોપણ

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી તથા ગાયત્રી પરિવાર, બારડોલીનાં સંયુકત ઉપક્રમે કોલેજના મેદાનમાં તા. ૨૩-૭-૨૦૧૧ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમની વિધિ ભારતીય સંસ્કૃતિ મુજબ ધાર્મિક વિધિ અનુસાર ગાયત્રી મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ, સ્ટાફમિત્રો તથા તાલીમાર્થીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને દરેક વૃક્ષનું જતન કરવાની જવાબદારી અંગે સંકલ્પ કરવામાં આવ્યો હતો.
- તા. ૧૨-૭-૨૦૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે વૃક્ષારોપણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ દિન નિમિત્તે કોલેજ પરિવારે ભાગ લીધો. કેમ્પસમાં ૧૦૦૦ જેટલા વિવિધ જાતિના વૃક્ષો રોપવામાં અને પછી પાણી સિંચવામાં આવ્યું હતું અને તેના જતનની પ્રતિજ્ઞા લીધી હતી.
- શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના રાષ્ટ્રીય સેવા યોજના તથા ઈકો કલબના ૧૮૧ વિદ્યાર્થીઓએ દિવાસાના પવિત્ર તહેવારે પારનેરાના ઘટાદાર વૃક્ષોથી શોભાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. આ અભિયાન કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના, ઈકો કલબ, ગાયત્રી ચેતના કેન્દ્ર વલસાડ તથા અતુલ ઈન્ડસ્ટ્રીઝના સંયુકત ઉપક્રમે હાથ ધરવામાં આવ્યું હતું. વૃક્ષગંગા અભિયાનના સભ્યોએ એક લાખ વૃક્ષો રોપવાનું અભિયાન આદર્યું છે. તે પૈકીનો આ એક નમ્ર પ્રયાસ છે. આ અભિયાનમાં ઈ.પ્રિ. ડૉ. રશ્મિબેન દેસાઈ, સિનિયર પ્રોફેસર પ્રા. પી.ઝેડ. દેસાઈ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો-પ્રા. ડૉ. એ.બી. પટેલ, પ્રા. બી.સી. સાબલે, પ્રા. ડૉ. કે.બી. પરીખ, પ્રા. જે.જે. વશી, ઈકો કલબના સભ્યો પ્રા. જી.એન.પટેલ, પ્રા. એન. બી. પટેલ, પ્રા. ડૉ. બી.વાય. દેસાઈ તથા ગાયત્રી ચેતના કેન્દ્રના કાર્યકર્તાઓ શ્રી મહેન્દ્ર દેસાઈ, શ્રી ઉર્મિલ દેસાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા<br>
તંત્રી, 'દક્ષિણાયન'<br>
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,<br>
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**રાજા રામમોહન રાય**

જયંત કોઠારી. મુંબઈ. ઈમેજ, ૨૦૦૨. પૃ. ૧૪૪ રૂા. ૯૦.૦૦

ભારતના અંધકારભર્યા ઈતિહાસકાળમાં રાજા રામમોહન રાયનો જન્મ ૨૨-૫-૧૭૭૨ના રોજ થયો હતો. આ જીવનચરિત્ર હસ્તલિખિત 'નવવિધાન'ના 'રાજર્ષી રામમોહન રાય અંક'માં પ્રથમ પ્રગટ થયેલું. આ ચરિત્રને લખવા માટે લેખકે અધીકૃત પાંચ પુસ્તકોનો આશરો લીધેલો છે. આ પુસ્તકમાં રામમોહન રાયના વિલક્ષણ, અનન્યસાધારણ, સભર વ્યકિતત્વનો પરિચય આપણને મળે છે. આ ગ્રંથમાં ઘોરતમ અંધકારનો એ કાળ, સમન્વયવૃત્તિનાં બીજ, અનોખું શિક્ષણ, નૂતન ધર્મદ્રષ્ટિનો ઉઘાડ, ડગમગતા કૌટુંબિક સંબંધો, આર્થિક સધ્ધરતા અને આંતરપ્રવાહો, સરકારી નોકરી અને વિસ્તરતી વિચારક્ષિતિજો, અંગત જીવનની કરુણતા, આત્મીય સભા અને સુધારાલક્ષી વેદાન્તવિચાર, વિચારઘડતર અને વિકાસ માટે આધુનિક શિક્ષણની હિમાયત, સતીપ્રથાની નાબુદીના યશભાગી અને સ્ત્રીજાતિના મસીહા, ખ્રિસ્તી ધર્મવિચાર ઉગ્ર પ્રતીકાર અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા, પ્રેસની સ્વતંત્રતા માટે ઝઝુમનારા, સાર્વત્રિક સ્વાતંત્ર્યની અદમ્ય ઝંખના, વિશ્વધર્મની દિશામાં એક ડગલું, સભર માનવીય વ્યકિતત્વ, મનની મુરાદ અંતે પાર પડી, અચરજ ઉત્સુક અને આદરભર્યા આવકાર, ભારતની પ્રજાના એલચી, પ્રવાસ હેતુઓ અંગે પ્રવૃત્તિ અને પરિણામો, પરિચયો અને પ્રભાવો, અણધારી સમેટાયેલી ઈન્ગ્લેન્ડયાત્રા જ નહીં જીવનયાત્રા પણ, જેવા પ્રકરણોનો સમાવેશ થાય છે. આ પુસ્તકમાં શ્રી મહેશ દવે જણાવે છે કે 'રાજા રામમોહન રાય ગુજરાતમાં (અને કદાચ ભારતભરમાંય) ભુલાતા જાય છે. જે પ્રજા તેમની વિરલ વિભૂતિઓનું સ્મરણ નથી જાળવતી તે અમૂલ્ય વારસો ગુમાવે છે અને ઉમાશંકર કહેતા તેમ મહાન માણસો પ્રાપ્ત કરવાની શકિત પણ ખોઈ બેસે છે. 'આ જીવનચરિત્ર એકી બેઠકે વાંચી શકાય તેવું રસપ્રદ છે. ગુજરાતના ગ્રંથાલયોમાં આ પુસ્તક હોવું જોઈએ અને વંચાવું પણ જોઈએ. રામમોહન રાય કહે છે કે 'એક દિવસ એવો આવશે કે જયારે મારા નમ્ર પ્રયાસોને ન્યાય મળશે-કદાચ એનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકર થશે. લોકો ગમે તે કહે, કોઈ પણ સંયોગોમાં મારું આ આશ્વાસન કોઈ છીનવી શકશે નહીં.' રાજા રામમોહન રાય વિષે ગુજરાતી ભાષામાં ગ્રંથો ગણી શકાય તેટલા જ છે. ત્યારે આ ગ્રંથ થકી તેમનું સ્મરણ આપણને થાય છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

> હે ઈશ્વર ! મારા દેશવાસીઓના મનમાં એવા વિચાર અને કર્મની ભાવના જગાડો કે તેઓ હળી મળીને રહી શકે. મારા દેશના તમામ ધાર્મિક નેતાઓને પ્રજાને એવી શકિત આપવા માટે પ્રેરિત કરો, જેથી વિભાજનના બળનો તે સામનો કરી શકે. નેતાઓ અને પ્રજાના મનમાં આ ભાવ જગાડો કે 'દેશ વ્યકિત કરતાં વધુ મહાન છે.' હે ઈશ્વર ! દેશને ઝડપથી સમૃધ્ધ બનાવવા માટે મારા લોકોને કર્મશીલ બનાવવા આશીર્વાદ આપો.
>
> એ.પી.જે. અબ્દુલ કલામ


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian

Published by : J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com